eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 124
January 4, 2008

## સેન્ટ્રલ ઝોનની દબાણ હટાવવા અંગેની કામગીરી

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સુરત રેલ્વે સ્ટેશન બહાર ઈનગેટ તથા આઉટગેટ પાસેના લારી ગલ્લા લાંબા સમયની કોર્ટ કાર્યવાહી બાદ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ અનુસાર આજરોજ તા.૧/૧/૦૮ના રોજ સ્થળ પરથી દૂર કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પુર્વ ઝોન (વરાછા) ઝોનની ડિમોલીશન અંગેની કામગીરી

પુર્વઝોન(વરાછા) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમનં. ૨૦ (નાના વરાછા–કાપોદ્રા)માં આવેલ આસ્ફા ફાર્મસીની બાજુમાં ફા.પ્લોટ નં.૭૦ અને ૭૧ વચ્ચેથી ઉત્તર–દક્ષિણ દિશામાં ૧૨.૦ મી. નો ટી. પી. રસ્તો સુચિત થયેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સ.વ.પટેલ મ્યુઝિયમમાં તા.૦૪–૦૧–૨૦૦૮ થી તા.૨૦–૦૧–૨૦૦૮ સુધી પતંગ પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ. વ. પટેલ મ્યુઝિયમમાં મકર સંક્રાન્તી ને ધ્યાનમાં લઈ પતંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પુનઃસ્થાપિત કરેલ "સરદાર વલ્લભભાઈ પટેલ"ની પ્રતિમાની "અનાવરણવિધિ "



સુરત મહાનગરપાલિકા દ્વારા ઉધનાઝોન ખાતે ભેસ્તાન ચાર રસ્તા પર સીમેન્ટ ક્રોકીંટ રોડ બનાવવાનું કામ પૂર્ણ થયેથી પુનઃસ્થાપિત કરેલ "સરદાર વલ્લભભાઈ પટેલ"ની પ્રતિમાની "અનાવરણવિધિ " મેયરશ્રી ડૉ. કનુભાઈ જી.માવાણીના વરદહસ્તે તા.૦૧–૦૧–૨૦૦૮નાં રોજ સવારે ૧૦–૩૦ કરવામાં આવી હતી .

વધુ માટે કલીક કરો >>>>>>

## રાંદેર ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમઝોન(રાંદેર)માં અડાજણ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૩૧ તા.૧૯/૦૪/૦૬, નોટીફીકેશન નં. GH/V/113 OF 2006 T.P.S.-1405-830-1 થી આશરે દોઢ વર્ષ અગાઉ પ્રિલીમીનરી સ્કીમ તરીકે મંજુર થયેલી. આ ટી.પી.સ્કીમમાં પશ્ચિમઝોન કચેરી ધ્વારા કબજા ફેરફારની નોટીસો આપી રસ્તા રીઝર્વેશનના કબજા મેળવવાની કાર્યવાહી શરૂ કરેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની દબાણ હટાવવા અંગેની કામગીરી

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સુરત રેલ્વે સ્ટેશન બહાર ઈનગેટ તથા આઉટગેટ પાસેના લારી ગલ્લા લાંબા સમયની કોર્ટ કાર્યવાહી બાદ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ અનુસાર આજરોજ તા.૧/૧/૦૮ના રોજ સ્થળ પરથી દૂર કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. સદરહુ સ્થળે દબાણ હેઠળ કુલ–૧૮(અઢાર) લારી/ કાઉન્ટર વિગેરે જમા લેવામાં આવેલ છે. મહિધરપુરા પોલીસ સ્ટેશનનો સાથ સહકાર મેળવી સેન્ટ્રલ ઝોન ધ્વારા સમગ્ર કામગીરી પૂર્ણ કરાવી સ્થળ પર સફાઈકામગીરી અને પેચકામ જેવી કામગીરી પણ હાથ ધરવામાં આવેલ છે. દબાણ હટાવવાને કારણે રેલ્વે સ્ટેશનની એન્ટ્રીના ભાગે લોકો/ટ્રાફિકની સરળ અવર જવર શકય બની છે. તેમજ આઉટ ગેટ પાસેના દબાણો દૂર થવાથી શહેરના હાર્દ સમા રેલ્વે સ્ટેશનની રોનકમાં વધારો થયેલ છે.

TOP

## પુર્વ ઝોન (વરાછા) ઝોનની ડિમોલીશન અંગેની કામગીરી

પુર્વઝોન(વરાછા) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમનં. ૨૦ (નાના વરાછા–કાપોદ્રા)માં આવેલ આસ્ફા ફાર્મસીની બાજુમાં ફા.પ્લોટ નં.૭૦ અને ૭૧ વચ્ચેથી ઉત્તર–દક્ષિણ દિશામાં ૧૨.૦ મી. નો ટી. પી. રસ્તો સુચિત થયેલ છે. જે નદી કીનારા તરફ જાય છે. તે રસ્તા પર તેમજ નદી કીનારા પર આશરે ૨૦ જેટલા બિનઅધિકૃત ઝુંપડા બનાવવામાં આવેલ હતા તેમજ નદી કીનારા પર રસ્તા વચ્ચે ચોરો બનાવી તેના પર ઝુંપડુ બનાવી ધાર્મિક સ્થાન બનાવવાના ઈરાદે તેમજ રસ્તો બંધ કરવાની પેરવી કરવામાં આવી રહેલ હોવાનું જણાતા આજ રોજ પૂર્વ ઝોન (વરાછા) તરફથી શહેર વિકાસ તેમજ દબાણ ખાતાના સ્ટાફની મદદથી આ રસ્તા પર બનેલ ૨૦ જેટલા ઝુપડાં તેમજ ચોરો દુર કરી આશરે ૧૩૫૦૦ ચો. ફુટ જેટલી જગ્યાનો કબ્જો મેળવી ૧૨ .૦૦ મી. ટી. પી. રસ્તાનો દબાણયુકત ભાગ ખુલ્લો કરવામાં આવેલ હતો. જે ખુલ્લો થયેથી નદી કીનાર તરફ હવે અવર જવર કરી શકાશે. વધુમાં ટી. પી. સ્કીમ નં.૨૦ (નાના વરાછા–કપાદ્રા) ફા. પ્લોટ નં.૧૧૭ જે રેસી. સેલેબલ માટે રીર્ઝવેશન હેઠળ છે તેનો આશરે ૨૪૪૧ ચો. મી. જગ્યાનો કબ્જો મેળવી તાત્કાલીક સ્થળ પર કંપાઉન્ડ વોલ બનાવવાની કામગીરી યુધ્ધના ધોરણે શરૂ કરવામાં આવેલ છે. ઉપરાંત ટી. પી. સ્કીમ નં.૨૦ (નાના વરાછા–કપાદ્રા) ફા. પ્લોટ નં.૧૧૧ જે સ્કુલ અને પ્લે. ગ્રાઉન્ડ માટે રીર્ઝવેશન હેઠળ છે તેનો પણ આશરે ૩૩૩૧ ચો. મી. જગ્યાનો કબ્જો મેળવી તાત્કાલીક સ્થળ પર કંપાઉન્ડ વોલ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

TOP

## સ.વ.પટેલ મ્યુઝિયમમાં તા.૦૪–૦૧–૨૦૦૮ થી તા.૨૦–૦૧–૨૦૦૮ સુધી પતંગ પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ. વ. પટેલ મ્યુઝિયમમાં મકર સંક્રાન્તી ને ધ્યાનમાં લઈ પતંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. સુરત શહેર પતંગ માટે ખૂબ જાણીતું છે અને રાંદેરના પતંગો અને જગ્યાએ પ્રખ્યાત છે તે સંદર્ભે પતંગનો ઈતિહાસ, પતંગો બનાવવાની રીત, પતંગો વિશે જાણવા જેવી બાબતો, દોરી બનાવવાની અને કાચ બનાવવાની રીત તેમજ દુનિયાના વિવિધ દેશોના પતંગો વિશેની વિશેષ જાણકારી દર્શાવવામાં આવી છે. આ પ્રદર્શન તા.૦૪–૦૧–૨૦૦૮ થી તા.૨૦–૦૧–૨૦૦૮ સુધી જાહેર જનતા માટે સ.વ.પટેલ મ્યુઝિયમમાં પ્રદર્શન ખુલ્લું રહેશે તેમજ પ્રદર્શન સોમવારે અને જાહેર રજાઓના દિવસે બંધ રહેશે. પતંગ પ્રદર્શનનો લાભ લેવા જાહેર જનતાને વિનંતી.

**TOP**

## પુનઃસ્થાપિત કરેલ ''સરદાર વલ્લભભાઈ પટેલ''ની પ્રતિમાની ''અનાવરણવિધિ ''



સુરત મહાનગરપાલિકા દ્વારા ઉધનાઝોન ખાતે ભેસ્તાન ચાર રસ્તા પર સીમેન્ટ ક્રોકીંટ રોડ બનાવવાનું કામ પૂર્ણ થયેથી પુનઃસ્થાપિત કરેલ ''સરદાર વલ્લભભાઈ પટેલ''ની પ્રતિમાની ''અનાવરણવિધિ '' મેયરશ્રી ર્ડા. કનુભાઈ જી.માવાણીના વરદ્ધહસ્તે તા.૦૧–૦૧–૨૦૦૮નાં રોજ સવારે ૧૦–૩૦ કરવામાં આવી હતી.

આ પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું મા.મેયરશ્રી ર્ડા. કનુભાઈ જી.માવાણીએ અનાવરણ કરી સૂતરાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોએ પણ સૂતરાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે ડે.મેયરશ્રી ર્ડા. સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી રણજીતભાઈ ગિલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિરોધપક્ષના નેતા શ્રી યોગેશભાઈ ઉર્ફે બાબુભાઈ કાપડીયા, મ્યુ.કમિશ્નરશ્રી એસ.અપર્ણા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા કર્મચારીગણ અને જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

## રાંદેર ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમઝોન(રાંદેર)માં અડાજણ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૩૧ તા.૧૯/૦૪/૦૬, નોટીફીકેશન નં. GH/V/113 OF 2006 T.P.S.-1405-830-1 થી આશરે દોઢ વર્ષ અગાઉ પ્રિલીમીનરી સ્કીમ તરીકે મંજુર થયેલી. આ ટી.પી.સ્કીમમાં પશ્ચિમઝોન કચેરી ધ્વારા કબજા ફેરફારની નોટીસો આપી રસ્તા રીઝર્વેશનના કબજા મેળવવાની કાર્યવાહી શરૂ કરેલ. આજરોજ આ ટી.પી.સ્કીમમાં ફા.પ્લોટ નં.૪,૬,૮ અને ૧૮ની બાજુમાંથી પસાર થતાં અને અડાજણ ગામતળને જોડતા હયાત આરે ૧૫.૦ ફુટથી ૨૦.૦ ફુટ પહોળા રસ્તાને ટી.પી.સ્કીમ મુજબ ૪૦.૦ ફુટનો રસ્તો બનાવવા કબ્જા મેળવવા કાર્યવાહી કરેલી.

રસ્તાના કબજા મેળવવાની ડીમોલીશનની આ કાર્યવાહીમાં ટી.પી.૩૧ ની અસરમાં આવતા અડાજણ ગામતળના ખોડીયાર માતાના મંદિર થી કોળી મહોલ્લા થઈ ભવાની ચોક, અડાજણ ગામ બસ સ્ટેન્ડ તરફ જતાં રસ્તાની બાજુમાં ગામતળના મિલ્કતદારોની ટી.પી. રસ્તાની અસરમાં આવતી જગ્યાનો હયાત કંપાઉન્ડવોલ, બાથરૂમ–સંડાસો, વાડાઓ વિગેરે દુર કરીને સંપૂર્ણ ૪૦.૦ ફુટ મુજબ રસ્તાનો આશરે ૬૫૦૦.૦૦ ચો.ફુટ કબ્જો મેળવવામાં આવેલ છે. જેનાથી અડાજણ ગામમાં જતાં ટ્રાફીકની અવરજવર સરળ બનશે. આ કાર્યવાહીમાં ગામતળના મિલ્કતદારો શ્રી નટવરભાઈ મગનભાઈ, શ્રી વિઠ્ઠલભાઈ રામુભાઈ, શ્રી નટવરભાઈ રામુભાઈ, શ્રી ભગવતીભાઈ વિગેરે ધ્વારા પણ સંપૂર્ણ સહકાર આપવામાં આવેલ છે.

આજરોજની અંતિમ ચરણની કાર્યવાહીમાં અડાજણ ટી.પી.સ્કીમ નં.૩૧ ની પ્રિલીમીનરી સ્કીમ મંજુર થયા બાદ આશરે દોઢ વર્ષમાં જ આ ટી.પી.સ્કીમના ૧૦૦% રસ્તાઓનો સંપૂર્ણ કબ્જો મેળવવામાં આવેલ છે. આજરોજ આ કાર્યવાહી પશ્ચિમઝોન શહેરવિકાસ/દબાણ ખાતાના સ્ટાફ ધ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP